### ફરી પેપર લીકની ફરીયાદથી હડકંપ મચ્યો

## પ્રાંતિજ નજીક ફાર્મ હાઉસમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી સેવાનું પ્રશ્નપત્ર લીક

### રૂા.૧૦ લાખ સુધીમાં પેપર વેચાયું, ખાખી વર્દી સામે પણ આંગળી ચિંધાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

દર વખતે પેપરલીકનું પગેરું સાબરકાંઠા-અરવલ્લી તરફ ફંટાતું હોય છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાનું આયોજન ગત રવિવારે કરવામાં આવ્યું હતું અને તે પેપર પ્રાંતિજ નજીકના એક ફાર્મ હાઉસમાં લીક કરી કેટલાંક ઉમેદવારો પાસેથી રૂા.૧૦ થી ૨૦ લાખ ખંખેરી આપવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપ સાથે ફરીયાદીએ સરકાર અને પોલીસ સમક્ષ રજુઆત કરતા તપાસનો ધમધમાટ શરુ થયો છે. જ્યારે પેપરલીક પ્રકરણમાં ખાખી વર્દી સામે પણ આંગળી ચિંધાઈ છે.

રાજ્યના તેજસ્વી બેરોજગારો સરકારી નોકરી માટે ગમે તેટલા પ્રયાસ કરે પરંતુ જ્યાં સુધી પેપરલીકની ઘટનાઓનું પુનરાવર્તન નહિ અટકે ત્યાં સુધી સાચા ઉમેદવારોને ન્યાય મળવો મુશ્કેલ છે અને દલાલો તેમજ લાંચિયાઓના કારણે પૈસા ખર્ચીને પેપર મેળવી અનેક બેરોજગારો નોકરી મેળવી રહ્યા છે. જિલ્લામાં અગાઉના વર્ષોમાં ત્રણ જેટલા પેપર લીક કરવાની ઘટના પછી પણ માત્ર તપાસના નામે નૌટંકી થતી આવી છે. કૌભાંડીઆઓને બચાવવા માટે તેમના આકાઓ તૈયાર હોય છે. પેપર લીક થાય એટલે તપાસ કરાવીશું તેવા નિવેદનો થાય અને ત્યાર પછી તપાસ કમીટી બનાવવામાં આવે અને પછી દિવસો મહિનાઓ પસાર થઈ જાય અને બધુ ભુલી જવાય છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત પેપર ફૂટવાની ઘટનાઓથી સરકાર અને ગૌણ સેવા પસંદગી મંડળની કાર્યપ્રણાલી ઉપર ખુલ્લેઆમ આંગળી ચિંધાઈ રહી છે ત્યારે રાજકીય પક્ષના કાર્યકર્તા દ્વારા પ્રાંતિજ નગરના એક ફાર્મ હાઉસમાં પેપર લીક થયાનું દાવો કર્યો છે અને તેમાં ૧૬ ઉમેદવારોને લાખો રૂપિયામાં પેપર વેચવામાં આવ્યાનો દાવો કર્યો છે. પેપર સોલ માટે એક નિરીક્ષક પણ ફાર્મ હાઉસમાં હાજર હોવાના દાવા સાથે સિસ્ટમ ઉપર આંગળી ચિંધાઈ છે.

રાજકીય પક્ષના કાર્યકરે દાવો કર્યો છે કે તેની પાસે પેપર લીક થયા અંગેના પુરાવા છે અને તેમાં એક પોલીસ કોન્સ્ટેબલની સંડવણી હોવાનો આરોપ લગાવ્યો છે.



**માઉન્ટઆબુના રસ્તાઓ પર બરફની ચાદર....**

કોરોનાના કેસ ઘટતા હાલમાં હીલ સ્ટેશન માઉન્ટ આબુમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. ખાસ કરીને કપલોની સંખ્યા વધી છે. બીજીતરફ આબુમાં ઠંડીનો પારો દિન-પ્રતિદિન ગગડી રહ્યો છે. માઉન્ટ આબુમાં ગઈકાલે તાપમાન ૦ ડિગ્રી હતું. જેના કારણે અનેક રસ્તાઓ, ઝાડ તેમજ વાહનો પર બરફના પડ જામી ગયા હતા. જેના કારણે લોકો વહેલીવારે આબુમાં રસ્તાઓ પર બરફની ચાદર પર મોજમસ્તી તેમજ ફોટોગ્રાફી કરતા જોવા મળ્યા હતા.

## દારૂના બદલે સોડા બોટલ નિકળી..!!

### બાયડ પોલીસ સ્ટેશન આગળ બોટલો રોડ ઉપર ઢોળાઈ, દારૂની બોટલ સમજી લોકો દોડ્યા

બાયડ, તા. ૧૪

બાયડ પોલીસ સ્ટેશન આગળ શનિવારની સમી સાંજે નાના વાહનમાંથી બોટલ રોડ ઉપર ઢોળાતાં અનેક લોકો દારૂની બોટલ હોવાનું સમજી લેવા માટે દોડાદોડી કરતા જોવા મળ્યા પરંતુ બાદમાં દારૂના બદલે રંગીન સોડા બોટલ હોવાનું જણાતાં ધક્કો પડ્યાનો નિસાસો નાખતા જોવા મળ્યા.

અરવલ્લી જિલ્લામાં બાયડ પોલીસ સ્ટેશનની હદમાં સૌથી વધુ દારૂનું વેચાણ થાય છે જ્યારે અભણ કરતાં શિક્ષીતો વધુ દારૂ ઢીંચતા હોવાનું જગ જાહેર છે. કેટલાક નબીરાઓને સમી સાંજે દારૂની લત એટલી હદે હાવી થઈ છે કે દારૂની બોટલ-પોટલી ન મળે તો તોફાને ચઢે છે. દારૂની બદીના વ્યાપમાં બાયડ પોલીસની શંકાપ્રેરક કામગીરી પણ ચર્ચામાં છે. ગતરોજ શનિવારે બાયડ પોલીસ સ્ટેશન નજીકના બમ્પ ઉપર નાનુ વાહન ઉલળતાં તેમાંથી કાળા રંગની કાચની અસંખ્ય બોટલ રોડ ઉપર ગગડવા લાગી, દારૂની બોટલો હોવાનું માની વાહનચાલકો તથા રસ્તે જતા રાહદારીઓ દારૂની બોટલ લેવા રીતસરની દોટ લગાવતા જોવા મળ્યા. પરંતુ નજીક જઈને જોયુ તો દારૂની બોટલ નહીં પણ સોડાની બોટલ હોવાનું જણાતા ઠંડીની મોસમમાં વિદેશી દારૂ ઢીંચવાનું સ્વપ્ન અધુરૂ રહ્યું હતું.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ

### સરપંચ પદ મેળવવા દારૂની રેલમછેલ અને મતદારોને પ્રલોભન આપવાનું શરૂ : ચૂંટાઈને કામ ન કરનારા સભ્યોનો ઉધડો લેતા મતદારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તા.૧૯ ડિસેમ્બરે યોજાવાની છે. ચુંટણીચિત્ર સ્પષ્ટ થયા પછી સરપંચ અને વોર્ડના ઉમેદવારો પ્રચારકાર્ય શરૂ કર્યું છે ત્યારે સરપંચ પદ મેળવવા અનેક ઉમેદવારોએ જોલી ખુલ્લી મૂકી હોય તેમ દારૂની રેલમછેલ શરૂ કરવાની સાથે મતદારોને પ્રલોભનો અપાતાં બીકાઉ મતદારો છાગટા બની ગયા છે. જ્યારે અગાઉની બોડીમાં હતા અને આ વર્ષે પણ સરપંચ અને વોર્ડ માટે ચૂંટણી લડતા અનેક ઉમેદવારોએ ૫ વર્ષ સુધી મોંઢું સંતાડ્યું હોવાથી જનસંપર્ક દરમ્યાન આવા સભ્યોનો અનેક મતદારોએ ઉધડો લઈ નાખતાં ચૂંટણીનાં પરિણામો અગાઉ જ કેટલાક ઉમેદવારોએ પોતાનું પરિણામ જાણી ગયાનું જાણવા મળેલ છે.

સ્થાનિક ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પણ શામ, દામ અને દંડની નીતિ અપનાવાતી હોવાથી ક્યાંક ચૂંટણી હારી ન જવાય તેવી બીક સાથે ઉમેદવારોએ પીઅક્કડ મતદારોને રીઝવવા માટે દારૂની રેલમછેલ શરૂ કરી છે જ્યારે યુવા મતદારો બાજી બદલી શકે તેમ હોવાનું માની અનેક સરપંચના ઉમેદવારોએ તો યુવાનોને હોટલોમાં રોજ જમવા લઈ જવાની શરૂઆત કરી દીધી છે. જિલ્લામાં કાતિલ ઠંડીના મોજા સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીને લઈ રાજકીય ગરમાહટ જોવા મળી રહી છે. જ્યારે અગાઉની ચૂંટણીઓમાં સરપંચ અને વોર્ડ સભ્ય તરીકે ચૂંટાયેલા સભ્યો પણ પોતાના ટેકેદારો સાથે ચૂંટણી પ્રચારમાં જાય છે ત્યારે અગાઉ વચન પ્રમાણે રસ્તા, પાણી અને સ્ટ્રીટ લાઈટોના પ્રશ્નો હલ થયા ન હોવાથી પ્રજા પણ તેમનો ઉધળો લેતી સાંભળા મળી રહી છે. જિલ્લામાં મતદારો જાગૃત થયા હોય તેમ ચૂંટણી પ્રચારમાં જતા ઉમેદવારો સમક્ષ પોતાની સમસ્યાઓ વર્ણવી હવે ચૂંટણી આવી છે એટલે જ મત લેવા માટે આવ્યા છે તેવા સવાલો પણ બેધડક કરવા લાગ્યા છે. જિલ્લાના કેટલાક મતદારો ઉપર તેમના સમાજના આગેવાનો અને ભૂવાજીઓનો ભારે પ્રભાવ હોવાથી અનેક ઉમેદવારોએ સામાજીક આગેવાનો અને ભૂવાજીઓને બોલાવી આખી મત બેન્ક અંકે કરવાના પ્રયાસો અત્યારથી શરૂ કર્યા છે. તો કેટલાક યુવાનોએ તો દારૂની રેલમછેલ થાય કે પછી પ્રલોભનો અપાય તો પણ તે નકારી મક્કમ અણણાગીરી દર્શાવી સુશિક્ષિત અને ગામનો વિકાસ કરી શકે તેવા જ ઉમેદવારને ચૂંટવા માટે ચૂંટણી અભિયાન આરંભી ઓટલા અને ખાટલા પરીષદો શરૂ કર્યાનું જાણવા મળેલ છે.

## અરવલ્લી જિલ્લામાં ૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાશે

### જીલ્લા કલેકટરશ્રી દ્વારા ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કામ કરતા કર્મચારી/કામદારોને મતદાન માટે ૩ કલાકની રજા આપવા આદેશ કર્યા

અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે મતદાન તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ ને રવિવારના રોજ સવારે ૦૭.૦૦ થી સાંજના ૦૬.૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. જે કામે મતદાન દિવસ તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ રવિવારના રોજ સ્થાનિક રાજા જાહેર કરવા સંબંધી વંચાણે લીધેલ આમુખ-(૧) થી મળેલ અધિકારીની રૂ એ અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબ આદેશ કર્યા.

જેમાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીય અને ખાનગી બેંકો, સહકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરી, રેલ્વે, ટેલિકોમ અને પોસ્ટ ઓફિસો, હોસ્પિટલો, પોલિસ સ્ટેશનો. ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવા આપતી અન્ય સંસ્થાઓના/કચેરીઓના કર્મચારીઓ/કામદારો તેમજ દુકાનો અને વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, ફેક્ટરીઓ, કર્મચારીઓ/કામદારોના પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ને રવિવારના રોજ ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન કરવા માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ/કચેરીઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા સંબંધિત તમામ સંસ્થા/કચેરીઓના વડા/સંચાલકશ્રીઓને જાણ કરવામાં આવે છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનું મોજૂ ફરી વળ્યું

### સમી સાંજથી વાતાવરણ ઠંડુગાર થઈ જતાં ગામડાં સૂમસામ બન્યાં : રવિ વાવેતર વિસ્તારમાં વધારો થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાએ વર્તમાન મોસમમાં પ્રથમવાર કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હોય તેમ ગઈકાલ સમી સાંજથી વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું અને તા.૧૧ના રોજ પણ વાતાવરણ ઠંડુગાર થઈ જતાં જનજીવન ઉપર તેની વ્યાપક અસર જોવા મળી હતી. જિલ્લામાં ગઈકાલે સૂસવાટા મારતા પવન સાથે ઠંડીની તિવ્રતા વધી જતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર રાત્રિના ૯-૦૦ પછી સૂમસામ ભાસતો હતો. જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ વધુ હાવિ થવાના અણસાર હવામાન વિભાગ દ્વારા અપાઈ રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીના અભાવે ખેડૂતોએ રવી ખેતી માટે થોભ્ભો અને રાહ જુઓની નીતિ અપનાવી હતી. જિલ્લામાં શિયાળો શરૂ થયો છતાં ઉનાળા જેવી ગરમી અનુભવાતાં પ્રજા પણ કુદરત ઋતુચક્ર ભૂલતી હોય તેવું અનુભવતી હતી. છેલ્લા એક સપ્તાહ અગાઉ ગુજરાત સહિત સાબરકાંઠામાં કાતિલ ઠંડીની આગાહી કરાઈ હતી અને ગઈકાલ સમી સાંજથી જિલ્લામાં ઠંડીનું મોજૂ વધુ ને વધુ હાવિ બની ગયું હતું અને શહેરી વિસ્તારોમાં રાત્રિના ૧૨-૦૦ કલાક સુધી ખુલ્લા રહેતા ખાણીપીણી બજારમાં પણ તિવ્ર ઠંડીની અસર જોવા મળી હતી અને રાત્રિ ૯-૦૦ કલાક આસપાસ શહેરી વિસ્તાર સૂમસામ ભાસતો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગ્રામ પંચાયતોની ચૂંટણી હોવા છતાં કાતિલ ઠંડીમાં માત્ર ઉમેદવારો જ પોતાના ટેકેદારો અને વોર્ડ વિસ્તારમાં મતદારોના ઘરના બારણે ટકોરા મારી ઘરમાં જ વાર્તાલાપ કરવાનું મુનાસીબ માન્યું હતું. જિલ્લામાં કાતિલ ઠંડીની તિવ્રતા આગામી દિવસોમાં વધશે અને પ્રજાએ કાતિલ ઠંડીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે તેવું દેખાઈ રહ્યું છે. સવારથી જ કાતિલ ઠંડીનું મોજૂ હાવિ રહેતાં મોટા ભાગના પ્રજાજનો ઘરમાં જ પુરાઈ રહ્યા હતા.





સાબરકાંઠા-અરવલ્લીમાં ફરી ઠંડીની જમાવટ થતાં ખોરંભે પડેલ રવિ વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના છે. પરંતુ કમોસમી માવઠા-હવામાન પલ્ટાવથી ત્રસ્ત મોટાભાગના ખેડૂત સમુદાય દ્વારા વાવેતર વિસ્તારમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

જિલ્લામાં નવેમ્બર માસથી સતત હવામાન પલ્ટાવ જોવા મળી રહ્યો છે. વારંવાર હવામાન પલ્ટાવના કારણે બટાટા, ઘઉં, રાયડા, જીરૂ, વરીયાળીના વાવેતરમાં ઓટ આવી છે. જ્યારે ઠંડીના વારંવારના ઠુમકાથી રવિ વાવેતરમાં બરકત નહીં આવે તેવું વિચારી ખેડૂતોએ વાવણીમાં થોભ્ભો અને રાહ જુઓની નિતી અપનાવી જેના કારણે ગત વર્ષની સરખામણીએ કેટલુક વાવેતર ઘટ્યુ છે જ્યારે જળાશયોના પાણીથી સિંચાઈનો લાભ લેતા ખેડૂતો દ્વારા પૂરતા સિંચાઈના પાણી નહી મળે તેવી દહેસત વચ્ચે ઓછા પાણીથી ઉત્પાદીત પાકની વાવણી ઉપર પસંદગી ઉભરી છે. જિલ્લાના બાયડ, મોડાસા, ભિલોડા, મેઘરજ, ધનસુરા, માલપુર, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા વિસ્તારોમાં ખેડૂતો દ્વારા ઠંડીનુ જોર વધ્યા પછી શાકભાજી-ઘાસચારાના વાવેતર ઉપર સૌથ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

## પતિની નજર સામે પરણેતર બાઈક ઉપર ફરાર

### પોશીના પંથકમાં લગ્નના નામે કુંવારાને ઠગ ટોળકીએ છેતર્યો : સોજીત્રાના જી.આર.ડી. જવાન સાથે પરણેલી યુવતી લાંબડીયા આવ્યા બાદ રફુચક્કર : ૬ સામે વિશ્વાસઘાત-છેતરપીંડીનો ગુનો નોંધાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

પોશીના તાલુકામાં કન્યા વિક્રય અને લગ્નના નામે કુંવારા યુવાનોને છેતરતી ટોળકી ફરી સક્રીય થઈ છે. આણંદ જિલ્લાના ડભોઉ ગામના અને સોજીત્રા ગામમાં જી.આર.ડી.ની ફરજ બજાવતા યુવાનને રાજસ્થાનની યુવતી સાથે લગ્ન કરાવી આ વિસ્તારની ઠગ ટોળકીએ છેતર્યાનો કિસ્સો સામે આવ્યો છે. લગ્નના ગણતરીના દિવસો પછી પિયરમાં બાધા કરવા માટે જવાનું કહી પરણિતા જી.આર.ડી. પતિ સાથે ડભોઉથી લાંબડીયા આવી ખરી પરંતુ પતિને કાને કોઈ ચીજવસ્તુ ખરીદવાનું ક્યા પછી બાઈક ઉપર રફુચક્કર થઈ જતાં લગ્નના નામે છેતરપીંડી થયાનું જાણતાં જી.આર.ડી. જવાને આંચકો અનુભવ્યો છે. બનાવ અંગે પોશીના પોલીસે કુલ-૬ જણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોજીત્રા તાલુકાના ડભોઉ ગામના આશિષ કોળી પટેલના લગ્ન થયાં ન હોવાથી તેમના સગા દ્વારા પોશીના પંથકમાં કન્યાની શોધખોળ કરવામાં આવી દરમ્યાન પડાપાટ ગામના પ્રકાશ અને બળવજી ઉદેસિંહ ડાભી નામના શખ્સોનો સંપર્ક થયો જેમાં રાજસ્થાનના નવાવાસ ગામના રાજુ કસરુભાઈ સોલંકીની બહેન દેવિકા સાથે લગ્ન ગોઠવવામાં આવ્યાં.

અન્ય બે ઈસમોએ પણ આ લગ્ન સમયે મદદગારી કરી લગ્ન પેટે ૨૧,૬૫,૦૦૦ તેમજ સોનાની બુટ્ટી સહિત કપડાં પણ વ્યવહાર પેટે લીધાં હતાં જેમાં યુવતીને જી.આર.ડી જવાન સાથે પરણાવી દીધા પછી યુવકે પરણિતા સાથે અનેક સ્વપ્નો સજાવ્યાં પરંતુ લગ્નની ખુશી વધુ સમય ટકી ન હતી જેમાં લગ્નના ૩ દિવસ પછી ઠગ ટોળકીએ યુવતીના ભાઈના દિકરાની બાબરી છે તેમ કહી મોકલવા કહ્યું.

યુવક પરણિતા સાથે એસ.ટી. બસ દ્વારા લાંબડીયા આવ્યો જેમાં યુવતીએ બાળકો માટે કોઈ ખાવાની વસ્તુ ગલ્લેથી ખરદી લાવો તેમ કહેતાં યુવકને રવાના કર્યા પછી અગાઉથી ગોઠવવામાં આવેલી તરકીબ મુજબ પરણિતા તેના ભાઈની મોટર સાયકલ પર બેસી પતિની નજર સામે ફરાર થઈ ગઈ હતી. પત્નિને રોક્વાનો પ્રયાસ કરવા છતાં પરણિતા તેના ભાઈ સાથે પતિને ચકમો આપી ફરાર થઈ જતાં પોતે લગ્ન કરવા જતાં ઠગ ટોળકીનાહાથે છેતરાયાનું જણાઈ આવતાં જી.આર.ડી. જવાને પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આવી છે.

### લગ્નના નામે મારી સાથે છેતરપીંડી - જી.આર.ડી. જવાન

પોશીના તાલુકાના લાંબડીયા નજીક આ જિલ્લાના ડભોઉ ગામના જી.આર.ડી. જવાન આશિષ કોળીપટેલ સાથે લગ્ન કરનાર યુવતી ફરી ૨ થઈ ગયા બાદ્ધલગ્નના નામે છેતરપીંડીની ફરિયાદ પીશીના પોલીસ સ્ટેશને નોંધાઈ છે, છેતરપીંડીનો ભોગ બનનાર યુવકે જણાવ્યું કે મારી પાસેથી રોકડ સ્કમ, સોનાની બુટ્ટી તેમજ કપડાં સહિતની ચીજવસ્તુઓ લીધા પછી લગ્ન તો થયો પરંતુ બાબરીના નામે લાંબડીયા બોલાવ્યા પછી મારી નજર સ મેજિ પત્નિ તેના ભાઈ સાથે રચક્કર થઈ ગઈ છે.

## બાયડ તાલુકાની ૪૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી-મદદનીશ ચૂંટણી અધિકારી નિમાયા

બાયડ તાલુકાની ૪૧ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૧ ગ્રામ પંચાયતની મધ્યસત્ર માટે પેટા ચૂંટણી માટે રાજ્ય ચૂંટણીપંચના અધિકારી દ્વારા ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીની હોદ્દાની રૂએ નિયુક્તિ કરી છે. તાલુકાની અત્યંત સંવેદનશીલ ગણાતી ડેમાઈ ગ્રામ પંચાયતનો ચૂંટણી હવાલો નાયબ મામલતદાર એસ.એમ.ચૌધરીને આપવામાં આવ્યો છે.

જિલ્લાની ૧૮૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે તમામ તૈયારી લગભગ પૂરી કરવામાં આવી છે. બાયડ તાલુકાનની અનેક ગ્રામ પંચાયતોના મતદાન મથક સંવેદનશીલ અને અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. તમામ ગ્રામ પંચાયતોમાં નિષ્પક્ષ અને ન્યાયિક ચુંટણીના આયોજન માટે ચુંટણી અધિકારી અને મદદનીશચુંટણી અધિકારીની નિયુક્તિ બાયઢ પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવી છે. બાયડ તાલુકાની ચોઈલા ગ્રામ પંચાયતમાં સરપંચ અને ૧૨ વોર્ડ માટે મધ્યસ્થ ચુંટણી યોજાવાની છે. તા.૧૯ ડિસેમ્બરે બેલેટ પેપરથી મતદાન યોજાશે.

## સાબરકાંઠા-અરવલ્લીમાં ઉત્તરાયણ પર્વનો ઉત્સાહ દેખાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

દર વર્ષે તા.૧૪ જાન્યુઆરીએ દેશભરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં વાયબ્રન્ટ પતંગ મહોત્સવ પછી ઉત્તરાયણ પર્વની ઉજવણીમાં વધુ ને વધુ લોકો જોડાઈ રહ્યા છે. આ વર્ષે અત્યારથી જ જિલ્લામાં ઉત્તરાયણ પર્વનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં પતંગ-દોરાની દુકાનો ખૂલવાની સાથે અનેક વિસ્તારોમાં સાંજ ઢળતાં જ પતંગ રસિયાઓ પતંગ ઉડાડતા નજરે પડી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જ ઉત્તરાયણ પર્વ દરમ્યાન જ પતંગ-દોરાનો અંદાજીત ૪ કરોડનો ધંધો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. જિલ્લાની ઉત્સવપ્રિય પ્રજા દર વર્ષે ઉત્તરાયણ પર્વની ભવ્યતાપૂર્વક ઉજવણી કરે છે. કોરોનાના ઓછાયામાં થી ધીમે-ધીમે બહાર આવી રહી છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શાળા છુટયા પછી ટાબરીયા અને વિદ્યાર્થીઓ પણ પતંગ ઉડાડતા જોવા મળી રહ્યા છે. આગામી સપ્તાહ પછી સમગ્ર જિલ્લામાં ઉત્તરાયણમય માહોલ જામશે.

